વડીલોને વંદન અભિનંદન

ઉષાબેન હસમુખભાઈ થોભ
(૧૯૫૧)ફોન : ૨૩૨૩૦૩૧૨



અમૃતલાલ ઠક્કર
(૧૯૩૫)ફોન: ૨૩૨૨૨૪૧૧

બેંક હડતાળથી બેંકિંગ સેવાઓ સંપૂર્ણ ઠપ

પગાર વધારા સહિત જુદી જુદી માંગણી : ચેક ક્લિયરિંગ સહિતની જરૂરી સેવા ખોરવાઈ : સામાન્ય લોકોને તકલીફ

અમદાવાદ,તા. ૫

પગાર વધારા સહિત જુદી જુદી માંગણીઓને લઈને બેંક કર્મચારીઓ આજે હડતાળ પાડી હતી જેના પરિણામ સ્વરુપે સામાન્ય લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ચેક ક્લિયરિંગની પ્રક્રિયા પણ અટવાઈ પડી હતી. જો કે, એટીમની સેવા ચાલુ હોવાથી લોકોને વધુ મુશ્કેલી નડી ન હતી પરંતુ કારોબારીઓ પરેશાન રહ્યા હતા. લાંબા સમયથી બેંક કર્મચારીઓની પગાર વધારાની માંગણી સ્વીકારવામાં આવી નથી જેથી ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા , દિવ, દમણની તમામ રાષ્ટ્રીયકૃત બેંકો અને ખાનગી બેંકોએ આજે હડતાળ પાડી હતી. યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયનના સ્ટાફ અને રાષ્ટ્રીય કૃત બેંકો અને ખાનગી બેંકોના અધિકારીઓ અને કર્મચારીઓ હડતાળમાં જોડાયા હતા. પગાર વધારાની માંગણી સ્વીકારવામાં ન આવતા આજે હડતાળ પાડવાનો નિર્ણય કરાયો હતો. આ હડતાળના લીધે વેપાર ઉદ્યોગ અને ગ્રાહકોના કરોડો રૂપિયાના બેંક ચેક ક્લિયરિંગની પ્રક્રિયા અટવાઈ પડી હતી. બેંક કર્મચારીઓએ આજે હડતાળના ભાગરુપે આશ્રમ રોડ પર વલ્લભસદનથી રેલી યોજી હતી જે નવરંગપુરાથી પરત વલ્લભ સદન ફરી હતી. આ રેલીમાં મોટી સંખ્યામાં બેંક કર્મચારીઓ જોડાયા હતા. બેંક કર્મચારીઓની જુદી જુદી માંગણીઓ રહેલી છે જેમાં પગાર વધારાની માંગ સર્વોચ્ચ છે. આ ઉપરાંત બેંક કર્મચારીઓની ભરતી, આઉટ સોર્સિંગને લઈને વિરોધનો પણ સમાવેશ થાય છે.

આ ઉપરાંત શ્રેણીબદ્ધ માંગણીઓ રહેલી છે. નોકરીની શરતો, પગાર વધારાના મુદ્દા મુખ્ય માંગણી તરીકે રહ્યા છે. ભારતીય બેંક સંઘ અને કર્મચારીઓના સંગઠન વચ્ચે વાતચીત નિષ્ફળ ગયા બાદ આજે હડતાળ પાડવામાં આવી હતી. રાજકોટ અને સૌરાષ્ટ્રની બેંકોમાં કરોડોના કામકાજને અસર થઈ હતી.

ગણપતભાઈ જોશીની નિમણુંકને સાર્વત્રિક આવકાર

ગાંધીનગર, તા. ૫

પાલનપુરના અગ્રણી સહકારી આગેવાન અને પત્રકાર શ્રી ગણપતભાઈ જોશીની પવિત્ર યાત્રાધામ બોર્ડના ડાયરેક્ટર તરીકે પસંદગી થતાં પાલનપુર પંથકમાં આનંદની લાગણી છવાઈ જવા પામી છે. પાંથાવાડાના વતની શ્રી જોશી બ્રહ્મસમાજના આગેવાન છે એટલુ જ નહિ તેમણે મીડિયા સેલ સહિત અનેકવિધ જવાબદારીઓ સંગઠ્ઠનમાં સંભાળી છે. પાલનપુરમાં સહકારી અગ્રણી તરીકે પણ સારી છાપ તેમણે ઉભી કરી છે. તેઓ બનાસકાંઠા પ્રેસ ક્લબના પ્રમુખ તરીકે સેવાઓ આપી ચુક્યા છે. શ્રી જોશીની નિમણુંકને અગ્રણી આગેવાનોએ આવકારી અને તેમની પસંદગી બદલ મુખ્યમંત્રીશ્રીનો આભાર માન્યો છે.

બિનસચિવાલય કલાર્ક માટે ૨૧મીએ સ્પર્ધાત્મક પરીક્ષા

રાજયમાંથી એક લાખ ઉમેદવાર પરીક્ષા આપશે : પરીક્ષા માટે રાજ્યના વિવિધ શહેરોની શાળાઓમાં બેઠક વ્યવસ્થા કરવામાં આવી : રાજ્ય સરકારની તૈયારી જારી

અમદાવાદ, તા.૫

ગુજરાત સરકાર દ્વારા બિનસચિવાલ કલાર્કની સ્પર્ધાત્મક પરીક્ષા ૨૧ ડીસેમ્બરનાં રોજ સમગ્ર રાજયમાં યોજવાની જાહેરાત કરવામાં આવી છે. આ પરીક્ષા માટે રાજયનાં વિવિધ શહેરોની શાળાઓમાં બેઠક વ્યવસ્થા ફાળવામાં આવશે અંદાજે એક લાખથી વધુ ઉમેદવારો આ પરીક્ષા આપે તેવી શકયતા વ્યક્ત કરવામાં આવી રહી છે. પ્રાપ્ત થતી માહીતી મુજબ રાજયમાં લાંબા સમયથી વિવિધ સરકારી કચેરીઓમાં કલાર્કની કુલ ૨૪૪૪ જગ્યાઓ ખાલી છે આ જગ્યાઓ ખાલી હોવાના કારણે રાજય સરકારનાં વહીવટી કામો બોજ અન્ય કલાકો પડતો હતો જેનાં કારણે સમયસર પૂણા થતા નહોવા ની ફરીયાદો ઉઠવા પામી હતી આ સમસ્યા દુર કરવા માટે રાજયની વિવિધ સરકારી ઓફીસોમાં ખાલી પડેલ ૨૪૪૪ જેટલી કલાર્કની જગ્યાઓ ભરવા માટે રાજય સરકારે કવાયત હાથ ધરી છે આ ભરતી ગુજરાત સરકારના નિયમ મુજબ સ્પર્ધાત્મક પરીક્ષાનાં આધારે કરવામાં આવનાર છે જેને લઈ રાજયનાં પરીક્ષા વિભાગ દ્વારા બિનસચિવાલય કલાર્કની ભરતી માટેની સ્પાર્ધાત્મક પરીક્ષાનું આયોજન ૨૧ ડિસેમ્બરનાં રોજ કરવામાં આવ્યું છે આ પરીક્ષા માટે ગુજરાતમાં અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ સહિતનાં મોટા શહેરોમાં પરીક્ષા કેન્દ્રો ફાળવવામાં આવ્યા છે અમદાવાદમાં પણ આ પરીક્ષા લેવામાં આવનાર છે જેને લઈ લગભગ ૫૦થી વધુ શાળાનાં ૭૦૦થી વધુ વર્ગખંડોમાં આ પરીક્ષાની બેઠક વ્યવસ્થા ફાળવવામાં આવી છે રાજયની સચિવાલય સિવાયની અન્ય સરકારી કચેરીઓમાં ખાલી પડેલ ૨૪૪૪ કલાર્કની જગ્યાઓ માટે રાજયમાંથી અંદાજે એક લાખ કરતા વધુ ઉમેદવારો પરીક્ષા આપશે

બોર્ડ-નિગમોના બીજા રાઉન્ડમાં ગાંધીનગરની બાદબાકી

ગાંધીનગર, તા. ૫

ગુજરાત સરકારે આજે બીજા તબક્કામાં બોર્ડ-નિગમની નિમણુંકો જાહેર કરી છે તેમાં ગાંધીનગરના કોઈ આગેવાનનો સમાવેશ ન થતાં ભાજપનાં કાર્યકરોમાં નિરાશા વ્યાપી જવા પામી છે.

જો કે હવે વાયબ્રન્ટ સમીટ બાદ ત્રીજો અને અંતિમ તબક્કો બોર્ડ-નિગમોમાં નિમણુંકનો આવશે તેમ મનાઈ રહ્યું છે.

પ્રથમ રાઉન્ડમાં શ્રી ગિરીશ શર્મા સહિત ૩ કાર્યકરોની પસંદગી થઈ હતી જે ઉલ્લેખનીય છે. ગાંધીનગર શહેર જ્યારે ટુરિસ્ટ પોઈન્ટ તરીકે ઉભરી રહ્યુ છે ત્યારે જિલ્લાની અવગણનાને લઈ પણ કાર્યકરોમાં નારાજગી વધી છે.

બોર્ડ અને નિગમોમાં વધુ ૬૪ સભ્યોની નિમણૂંક

ગાંધીનગર, તા. ૫

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ભાજપના આગેવાનો તથા કાર્યકર્તાઓને રાજ્ય સરકાર હસ્તક બોર્ડ-નિગમોમાં ગોઠવવા અંગે શરૂ કરેલ કાર્યવાહીના ભાગરુપે આજે વધુ ૬૪ સભ્યોને સરકારી બોર્ડ-નિગમો નિયુક્તિ આપવાની જાહેરાત કરી હતી જેમાં વિવિધ બોર્ડ નિગમોના ૯ અધ્યક્ષ, બે ઉપાધ્યક્ષ અને ૫૩ સભ્યોન સમાવેશ થાય છે.

નામ	બોર્ડ કોર્પોરેશનનું નામ
કમલેશભાઈ પટેલ, અમદાવાદ	અધ્યક્ષ-ગુજરાત રાજ્ય પ્રવાસન નિગમ
કિરીટભાઈ સોમપુરા, અમદાવાદ	અધ્યક્ષ-ભુજ વિસ્તાર વિકાસ સત્તામંડળ
મધુકાંત શાહ, ગાંધીધામ	અધ્યક્ષ-ગાંધીધામ વિસ્તાર વિકાસ સત્તામંડળ
વિકાસ રાજગોર, ભચાઉ	અધ્યક્ષ ભચાઉ વિસ્તાર વિકાસ સત્તામંડળ
મુળુભાઈ બેરા, દેવભુમિ દ્વારકા	અધ્યક્ષ-ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ
કુંવરજીભાઈ હળપતિ, સુરત	અધ્યક્ષ-ગુજરાત જમીન વિહોણા મજુરો, હળપતિ અને ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ
રમણભાઈ પટેલ (જાની), સુરત	અધ્યક્ષ-ગુજરાત રાજ્ય કૃષિ બજાર બોર્ડ
વલ્લભભાઈ કથીરિયા, રાજકોટ	અધ્યક્ષ- ગૌ સેવા આયોગ
મહેન્દ્રભાઈ ત્રિવેદી, ભાવનગર	અધ્યક્ષ પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ
રાજુભાઈ ધ્રુવ, રાજકોટ	ઉપાધ્યક્ષ-ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ
રમેશભાઈ સોલંકી, મહેસાણા	અધ્યક્ષ-ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ કોર્પોરેશન
જીતુભાઈ વાઘેલા, અમદાવાદ	ઉપાધ્યક્ષ ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન
સભ્યોની નિમણૂંક	
ગુજરાત રાજ્ય પ્રવાસન નિગમ	દિનેશભાઈ દાસા, નવસારી
	માંધાતાસિંહ જાડેજા, રાજકોટ
	કેશુભાઈ પટેલ, ભુજ
	ઝવેરીભાઈ ઠકરાર, સોમનાથ
	અમિત ઠાકર, કર્ણાવતી
	ગજેન્દ્રસિંહ જાડેજા, નર્મદા
	સુધીરભાઈ લાલપુરવાળા, દાહોદ
ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન	જીવરાજભાઈ ચૌહાણ, વડોદરા
	નાથુભાઈ સોસા, ભાવનગર
	સામતભાઈ પરમાર, જામનગર
	અનિલભાઈ મકવાણા, રાજકોટ
	રાજેન્દ્રભાઈ સુતરિયા, ભરુચ
	અનિતાબેન પરમાર, ખેડા
	રાજેન્દ્ર દાનેશ્વર ચાવડા મહેસાણા
	પરષોત્તમભાઈ પરમાર, સુરેન્દ્રનગર
	પ્રેમજીભાઈ માધડ, અમરેલી
ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ	રમેશભાઈ હેરમા, દ્વારકા
	ગણપતભાઈ જોષી, પાલનપુર
	શાંતિભાઈ મહેતા, પાલિતાણા
	જગદીશભાઈ ઉર્ફે ગોપાલભાઈ શેઠ, હાલોલ
	માધાભાઈ બોરિચા, ચોરવાડ
	યોગી નારસિંહ પઢિયાર, જુનાગઢ
ગૌસેવા આયોગ	ગોપાલભાઈ સુતરિયા, ભાવનગર
	ઘનશ્યામદાસજી મહારાજ, ગોંડલ
	સત્યજીત ખાચર, જસદણ
	ચૈતન્ય મહારાજ, અમદાવાદ
યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ	ડો. અપૂર્વ દેસાઈ, સુરત
	પ્રો. હિતેશભાઈ પુરોહિત, મોરબી
	ડો. અંબિકા પટેલ, વડોદરા
	ડો. પ્રિતી સજ્જા, વલ્લભવિદ્યાનગર
	કિરીટભાઈ દેસાઈ, રાજકોટ
	અંબાદાન રોહડિયા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
	આરએચ પટેલ, આણંદ
	યોગેશભાઈ પરીખ, ગુજરાત ઓફસેટ, અમદાવાદ
	મનુભાઈ શાહ, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ
	મુદ્રેશ પુરોહિત, સૂર્યા ઓફસેટ, અમદાવાદ
ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ, અમદાવાદ	વાલજીભાઈ ચાવડા, રાજકોટ
	શૈલેષભાઈ લિંબાચિયા, પાટણ
	મુકેશભાઈ વાઘેલા, વડોદરા
	વર્ષાબેન તલાજીયા, ભાવનગર
	શર્મિષ્ઠાબેન જોશી, મહેસાણા
	કાંતિભાઈ ચાવડા, આણંદ
	દેવીદાસ રાણા, અમદાવાદ
	અશોકભાઈ ડોમાડિયા, જામનગર
	બાબુભાઈ કામાણી, વડોદરા
	મહેશ પટેલ, અમદાવાદ
	નીરજભાઈ પટેલ, સુરત
ગુજરાત જમીન વિહોણા મજુરો, હળપતિ અને ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ	સુરેશભાઈ હળપતિ, ઉમરગામ
	ચીનનભાઈ હળપતિ, નવસારી
	રાહુલભાઈ પટેલ, તાપી
	મંજુલાબેન વસાવા, નર્મદા
	સોમાભાઈ રાઠોડ, વાગરા
ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ	સંગીતાબેન તડવી, તિલકવાડા

રાજ્યમાં ૪૧ સ્થળો ઉપર આઈટીના દરોડા

અમદાવાદમાં ૨૫ સ્થળો પર જોરદાર સપાટો : જામનગરમાં બે, સુરતમાં સાત સ્થળો પર આઈટી દરોડા કારોબારીઓમાં ફફડાટ : દસ્તાવેજોમાં ઉંડી તપાસ કરાઈ

અમદાવાદ,તા. ૫

ઈન્કમ ટેક્સ વિભાગે આજે પમ દરોડાની કામગીરી જારી રાખી હતી. આજે દરોડા દરમિયાન રાજ્યના કુલ ૪૧ સ્થળો પર ચકાસણી કરવામાં આવી હતી. આવકવેરા વિભાગે અમદાવાદ, સુરત જામનગરમાં વ્યાપક દરોડાની કામગીરી હાથ ધરતા વેપારીઓ અને સંબંધિત કારોબારીઓમાં ચિંતાનુ મોજુ ફરી વળ્યું હતુ. પ્રાપ્ત અહેવાલ મુજબ આવકવેરા વિભાગે અમદાવાદમાં ૨૫, જામનગરમાં બે અને સુતમાં સાત સ્થળો પર કાર્યાવાહી હાથ ધરી હતી. શેરબજાર અને કોમોડીટી માર્કેટમાં મોટા પાયે રોકાણ કરનાર અને રિયલ એસ્ટેટ સાથે પ્રત્યક્ષ અને પરોક્ષરીતે જોડાયેલા લોકોની ચકાસણી કરવામાં આવી હતી. રાજુ બાર્ટર, પ્રદીપ બિરેવલ, અતુલ શાહ, સુતરિયા બિલ્ડર્સના સંજય સુતરિયા, ધર્મેશ સુતરિયા જેવા બિઝનેસમેનના અમદાવાદ, સુરત અને જામનગરમાં ઓફિસ અને આવાસ ઉપર દરોડાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. દરોડા દરમિયાન વાંધાજનક દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા હતા. અમદાવાદમાં આવકના જાણીતા સાધનોની સામે અપ્રમાણ સંપત્તિને લઈને તપાસ કરવામાં આવી હતી. ૧૨ બેંક લોકોર સીલ કરવામાં આવ્યા હતા.અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદ શહેર સહિત રાજ્યમાં ઘણી જગ્યાએ આવકવેરા વિભાગ દ્વારા તપાસ કામગીરી હાથ ધરી હતી. સર્ચ ઓપરેશનના પરિણામ સ્વરુપે શેરબજાર સાથે જોડાયેલા બ્રોકરો, કારોબારીઓ અને વેપારીઓમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. ગઈકાલે અમદાવાદના વસ્ત્રાપુર, આંબાવાડી સહિતના વિસ્તારોમાં સર્ચ કામગીરી હાથ ધરાઈ હતી. અમદાવાદ સહિત ગુજરાતભરમાં કુલ ૪૧ સ્થળો ઉપર આઈટીની કામગીરી હાથ ધરાઈ હતી.આજે સતત બીજા દિવસે કાર્યવાહી કરવામાં આવી હતી.

શબ્દાવલી - ૫૫૮૧

૧		૨	૩	૪	■	૫	
	■	૬			૭		■
૮	૯		■	૧૦		■	૧૧
૧૨		■	૧૩	■	■	૧૪	
■	૧૫	૧૬			૧૭		■
૧૮				■	૧૯		૨૦
	■		■	૨૧	■	૨૨	
૨૩		■	૨૪			■	

આડી ચાવી

૧. માણસખાઉ (૫)
૫. ખીણ (૨)
૬. લાતમલાત (૫)
૮. એક કાળો પદાર્થ (રોડ બનાવાય) (૩)
૧૦. એક કઠોળ (૨)
૧૨. પરમેશ્વર, માલિક, ઇશ્વર(૨)
૧૪. મરદ (૨)
૧૫. પાસે એક પણ પૈસો ના હોય તેવો (૬)
૧૮. જાદુ, ખેલ (૪)
૧૯. એક કલર (૩)
૨૨. દારૂ, મદિરા (૨)
૨૩. પૃથ્વી (૨)
૨૪. આશય, ભાવ (૩)

ઊભી ચાવી

૧. આડા થવું, નડવું (૪)
૨. એક હિંસક જળચર (૩)
૩. ખોડખાંપણ (૨)
૪. 'મદાર' શબ્દ આડોઅવળો (૩)
૫. આલમીના સ્વાદનું (૨)
૭. ભણી જવું, બોલી જવું તે (૨)
૯. પાંપણ કાળી કરે તે (૪)
૧૧. દરદ, પીડા (૨)
૧૩. બાકી રાખવું, છોડી દેવું(૩)
૧૪. બિલાડીના ટોપ જેવું ખાદ્ય (૪)
૧૬. શિવજી... વગાડે (૩)
૧૭. દ્રાક્ષની... હોય (૨)
૧૮. ખાટકી (૩)
૨૦. લોચન, ચક્ષુ (૩)
૨૧. કૃષ્ણની પરમભક્ત સ્ત્રી(૨)

શબ્દાવલી ૫૫૮૦ના જવાબ

આડી ચાવી :- (૧) ફારગતિ (૩) કરજ (૬) જજ (૭) કરવટ (૮) લવાજમ (૧૦) ડીમ (૧૧) નાસમજ (૧૪) રૂખસદ (૧૬) બારાખીડ (૧૮) કંદ (૧૯) દવ (૨૦) હાડકા (૨૧) તણખો (૨૨) લટ

ઊભી ચાવી :- (૧) ફાજલ (૨) રજવાડી (૩) કરમસદ (૪) રવ (૫) જટ (૯) જમરૂખ (૧૧) નાશ (૧૨) જલ (૧૩) ઇબાદત (૧૫) ખડી (૧૭) રાવણ (૧૮) કંકાલ (૨૦) હામ

કચ્છના કુલ ૩૫૩ ગામમાં અછત-અર્ધઅછત ઘોષિત

અપૂરતા વરસાદને કારણે જટિલ સ્થિતિ સર્જાઈ : અછત રાહત પગલાં તરત હાથ ધરવા મુખ્યમંત્રીના હુકમ

અમદાવાદ, તા.૫

મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે કચ્છ જિલ્લામાં અપુરતા વરસાદને કારણે સર્જાયેલી પીવાના પાણી, ઘાસચારો અને કૃષિ પાકની પરિસ્થિતીને અનુલક્ષીને કચ્છના ૩૫૩ ગામોમાં અછત-અર્ધઅછતની સ્થિતી જાહેર કરી છે. આ માટે ખરીફ-૧ ના કૃષિ પાકોની આનાવારી હાથ ધરવામાં આવી હતી જેમાં ૭૯ ગામોમાં અછતની સ્થિતી જ્યારે ૨૭૪ ગામોમાં અર્ધઅછતની પરિસ્થિતિ રાજ્ય સરકારે જાહેર કરી છે. આ પરિસ્થિતી જાહેર થતાં આનુષાંગિક અછત રાહતના પગલા જેમાં નાના સિમાંત ખેડૂતો અને ગરીબ માલધારીઓને પશુદિઠ દૈનિક ૪ કિલોગ્રામ ઘાસ રૂ. ૨ પ્રતિ કિલોએ આપવું, ગૌશાળા-પાંજરા પોળનાં પશુઓ માટે પશુદીઠ રૂ. ૨૫ની દૈનિક સહાય અને મનરેગા યોજના અંતર્ગત રોજગાર નિર્માણ ઉપરાંત માનવ વસતિ અને પશુધન માટે પીવાના પાણીની પૂરતી વ્યવસ્થાના પગલાંઓ સંબંધિત વિભાગો દ્વારા અગ્રતાએ હાથ ધરવાના આદેશો પણ મુખ્યમંત્રી એ આપ્યા છે.

આજથી ભાજપ અનુસૂચિત જાતિ મોરચો રાજ્યવ્યાપી સદસ્યતા અભિયાન હાથ ધરશે

ગાંધીનગર, તા. ૫

પ્રદેશ અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ શ્રી અંબાલાલ રોહિત, મહામંત્રીઓ શ્રી નાથુભાઈ સોસા અને શ્રી વસંતભાઈ પરમારે જણાવ્યું છે કે, આવતીકાલ તા. ૬ ડિસેમ્બર ડૉ. બાબા સાહેબ આંબેડકરજીના નિર્વાણદિને રાજ્યભરમાં ૫ હજાર સ્થાનો પર મોરચાના કાર્યકર્તાઓ દ્વારા સદસ્યતા અભિયાન હાથ ધરવામાં આવશે.

તેઓએ જણાવ્યું હતું કે સંગઠન પર્વના આ તબક્કામાં તા. ૬ અને ૭ ડિસેમ્બર બે દિવસ દરમ્યાન અનુસૂચિત જાતિ મોરચાના કાર્યકર્તાઓ જે તે સ્થાનો પર જઈને ડૉ. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા-ફોટોગ્રાફને ફૂલહાર પૂજન કર્યા બાદ બાબા સાહેબના જીવન કવન અને ભાજપાની વિચારધારા તથા સંગઠનનું મહત્વ સમજાવશે અને તેસ્થાન પર ૧૦૦ સદસ્યો નોંધવામાં આવશે.

નિરસતા સામે આક્રોશ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

વિભાગનું તંત્ર જાણે સાયલન્ટ મોડમાં છે. શહેરમાં વૃક્ષોના ટ્રીમીંગ તેમજ વનવિભાગની ફેન્સીંગવાળી જગ્યામાં સફાઈ ન થતા સરવાળે ગંદકીનું વરવું દેશ્ય મોઢુ ફેરવતા જ નજરે ચઢી જાય છે. વનતંત્ર દ્વારા મોટાઉપાડે મુખ્યમાર્ગો આસપાસની જગ્યામાં ફેન્સીંગ કરી દેવાઈ છે. પરંતુ હદ દર્શાવતી આ ફેન્સીંગના અંદરના ભાગે અનહદ ગંદકી પ્રવર્તી છે. ફેન્સીંગના વિસ્તારમાં કેટલાક ઠેકાણે દબાણો પણ સલામત બન્યા છે. આ સઘળી સ્થિતિ વચ્ચે સ્વચ્છતા ઝુંબેશથી અળગા રહેતા વનતંત્રની નિરસતા સામે પણ આક્રોશ સેવતા નગરજનોમાં સવાલો મંડરાયા છે.

હવાઈ સુરક્ષા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સીસીડી કેમેરાથી સજ્જ હોય છે. આકાશમાંથી આ ઉપકરણ આસપાસના વિસ્તાર પર નજર રાખે છે જેનું સીધુ મોનીટરીંગ પોલીસ અધિકારી તેના કંટ્રોલ રૂમમાંથી કરે છે. 'નેત્ર'નો ઉપયોગ મોટી-મોટી કુદરતી હોનારતોમાં સર્ચ અને રેસ્ક્યુ ઓપરેશનમાં તથા અમદાવાદની જગન્નાથજીની રથયાત્રામાં, એરીયલ ફોટોગ્રાફીમાં, ૨૦૦૮ મુંબઈ એટેકમાં અને મોટા નોટોનોમાં ક્રાઉડ મેનેજમેન્ટ સમયે અગાઉ કરવામાં આવ્યો છે. જેમાં સુરક્ષા અને સલામતી તથા કંટ્રોલીંગની દૃષ્ટિએ સફળતા મળતા હવે નેત્રનો ઉપયોગ ગાંધીનગરમાં જાન્યુઆરી-૨૦૧૫માં યોજાનાર વાઈબ્રન્ટ સમિટિમાં કરવાનો નિર્ણય લેવાયો છે.

ગાંધીનગર પોલીસે બે 'નેત્ર'ની માંગણી કરી છે. જે પૈકી એક નેત્રનો ઉપયોગ અમદાવાદ એરપોર્ટથી ગાંધીનગર સુધી વીવીઆઈપી મહાનુભાવોની સુરક્ષામાં અને બીજા 'નેત્ર'નો ઉપયોગ મહાત્મા મંદિર અને એક્ઝીબીશન સેન્ટર સે. ૧૭ ઉપરાંત શહેરના માર્ગો પર ટ્રાફીક સિનારીયો અને શંકાસ્પદ ગતિવિધિઓ પર નજર રાખવા માટે કરવામાં આવશે. નેત્રનું મોનીટરીંગ કરવા માટે એક કંટ્રોલરૂમ ઉભો કરી ઉચ્ચ અધિકારી સાથેની એક ટીમને તેમાં બેસાડવામાં આવશે. 'નેત્ર' ઉપરાંત શહેરમાં ૩૦૦ જેટલા સીસીટીવી કેમેરા લાગશે. જેમાં અમદાવાદ એરપોર્ટથી ગાંધીનગરનો રૂટ અને મહાત્મા મંદિર તથા પ્રવેશ દ્વારો, એક્ઝીબીશન સેન્ટર કવર કરવામાં આવશે.